February 2023


# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

જ્ઞાન * દર્શન * ચારિત્ર
શ્રી પાટણ જૈન મંડળ
ESTD. 1912
સેવા * સહકાર * સંગઠન
Shree Patan Jain Mandal

Year 18 ● Issue 5 / 204
● Mumbai ● Page 32 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 8779161209 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com



## પ્રમુખ સ્થાનેથી...

દાનેશ વિનોદચંદ્ર શાહ (માટલીવાલા)



મારા પ્યારા સ્નેહી, સ્વજનો, મિત્રો

પ્રણામ !

રસ્કિન બોન્ડની એક અફલાતૂન ટૂંકી વાર્તા પરથી એક ખૂબસૂરત ફિલ્મ બની હતી. જેનું નામ હતું **''બ્લુ અમ્બ્રેલા''** હિમાચલ પ્રદેશનાં એક નાના ગામમાં એક નાનકડી બાળકી ઢળતી સંધ્યાએ ઘરની બહાર હાથમાં **''બ્લુ અમ્બ્રેલા''** લઈને આવે છે. છત્રી ઉઘાડે છે અને ઉંચે નજર કરતાં સિતારા મઢતું આકાશ તેને દેખાય છે, છત્રી એટલે આપણી આસપાસની એક રક્ષણાત્મક દિવાલ. ધોમ ધખતા તાપમાં આપે છાંયડો અને વરસાદમાં આપણા સર ને રાખે સલામત.

આ જ રીતે મારા પ્યારા મિત્રો જ્યારે વર્ષ ૨૦૨૨માં આપણી સંસ્થાનું નેતૃત્વ સ્વીકાર્યું ત્યારથી જ આપણે સહુ એકમેક સાથે હળીમળીને પ્રેમ અને મૈત્રીની ભાવના સાથે એક પાટણ સમાજનાં ઉત્કર્ષ માટે સરસ મજાની **''બ્લુ અમ્બ્રેલા''** નીચે વિવિધ કમિટિઓ દ્વારા વિવિધ પ્રકારના કાર્યક્રમોનાં આયોજન સફળતાપૂર્વક પાર પાડીને આપણી સંસ્થાને વધુ મહાન બનાવી યશકલગી પહેરાવી છે, તે માટે હું હૃદયપૂર્વક બધી ટીમનાં સભ્યોને અભિનંદન આપું છું. સાથે સાથે પાટણ જૈન સમાજનાં સર્વે પરિવારોનો આભાર માનું છું.

શ્રી પાટણ જૈન મંડળના ઈતિહાસમાં અભૂતપૂર્વ સફળતા **પાલિતાણા શ્રી સિદ્ધાચલની યાત્રા** સંપન્ન થઈ અને આગામી તીર્થયાત્રા માટે શ્રી સમ્મેતશિખરજીનું આયોજન કરવાની ભાવના છે.

આપણી સંસ્થાના ઈતિહાસમાં સર્વ પ્રથમવાર **ફ્રિ મેડિકલ ચેકઅપના કેમ્પમાં ભક્તિવેદાંત હોસ્પિટલમાં** - મીરારોડ ખાતે ૨૨૫થી વધારે લોકોએ લાભ લીધો. 'માનવસેવા એજ પ્રભુસેવા'નાં સૂત્રને સાર્થક કરનાર સમાજનાં દાનવીરો, હોસ્પિટલનાં ડૉક્ટર્સો, સ્ટાફ અને મેડિકલ કમિટિના સર્વે સભ્યોએ **શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી દિનેશભાઈ રમણલાલ શાહ, શ્રી નિખિલભાઈ રવિન્દ્રભાઈ શાહ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ** વિગેરે ખૂબજ જહેમત કરી સફળ બનાવ્યો, તેઓ બધા ધન્યવાદને પાત્ર છે.

પાટણ ખાતે **શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલયના** નવા બિલ્ડીંગ પ્રોજેક્ટમાં **સાયન્સ લેબોરેટરી, બે હોલ, પાંચ ક્લાસ** માટે દાતા પરિવારોની જરૂર છે. **૪.૫૦ કરોડમાંથી ૩.૩૦ કરોડના ડોનર્સ** મળી ગયા છે, તો જે દાતાઓને રસ હોય તે તુરંત જ અમારો સંપર્ક કરી શકે છે.

**ગોરેગામ ખાતે મેડિકલ હેલ્થકેર સેન્ટર** બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, ખૂબજ સુંદર આધુનિક સિસ્ટમના લેટેસ્ટ મશીનો તથા અન્ય ઉપકરણો વસાવવાની ઈચ્છા છે. ખૂબ જ શાનદાર અને આધુનિક સગવડતાભર્યું અને પાટણ સમાજને ગર્વ થાય તેવું મેડિકલ સેન્ટર તૈયાર કરવામાં આપ સર્વેજનોનો સાથ-સહકાર અનિવાર્ય છે, **મેડિકલ સેન્ટર માટે મુખ્ય દાતાનું** નામ આપવામાં આવશે એની રકમ **રૂા. ૫.૨૫ (રૂા. પાંચ કરોડ પચ્ચીસ લાખ)ની રકમ રાખવામાં આવેલ છે,** જે દાતા પરિવારને આ માનવસેવાનાં કાર્યમાં રસ હોય તે જરૂરથી અમને જણાવે તેવી વિનંતી છે.

**૧. Irasva Starz & S.K. Stricers વચ્ચે તા. ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ PPL Tournament Final, Day & Night** ની મેચ પોલીસ જીમખાનામાં રમાશે. બપોરે સિનિયર સિટીઝનની મેચ રમાશે ભાગ લેનાર બધી જ ટીમના ખેલાડીઓને ''Best of

Cont. page 2

Luck'' સાથે ખૂબ ખૂબ અભિનંદન. શ્રી પાટણ જૈન મંડળનાં પરિવારોને મેચ જોવા માટે આમંત્રણ છે.

**૨. Import-Export Program Every Tuesday, 7 to 9,p.m.** શ્રી પાટણ જૈન મંડળ, **શ્રીમતી ગીતાબેન રાકેશકુમાર શાહ કોમ્યુનિટી હોલમાં** ચાલી રહ્યો છે, જેમાં ૨૫થી વધારે સ્ટુડન્ટ્સ ભાગ લઈ રહ્યા છે.

**૩.** વુમેન્સ એમ્પાવરમેન્ટ કમિટિ દ્વારા **તા. ૧૧ માર્ચ શનિવારના રોજ બી.સી.એ. ગરવારે કલબ હાઉસ,** ચર્ચગેટ ખાતે આયોજીત કરવામાં આવ્યો છે.

**૪. જીવન મહેક કમિટિ દ્વારા રવિવાર તા. ૧૨ માર્ચ, ૨૦૨૩ના તારાબાઈ હોલ** ખાતે કલર ફેસ્ટીવલ ફોર અનમેરીડ યુથ માટે યોજાયેલ છે.

**૫. યૂથ એમ્પાવરમેન્ટ કમિટિ** દ્વારા તા. ૧૯ માર્ચ ૨૦૨૩ના રોજ સવારના ૮.૩૦ કલાકે ગોરેગામ જવાહરનગર સોસાયટી હોલમાં Skill Development સેમીનારનું આયોજન કરવામાં આવ્યું છે.

**૬.** મિત્રો, સમગ્ર પાટણ જૈન મંડળના પરિવારો માટે વિશેષ પ્રકારનો **'સંગીત જલસો'** અદ્‌ભુત મ્યુઝિકલ પ્રોગ્રામ આપણી નવી ઉત્સાહી કમિટિ દ્વારા **તા. ૯ એપ્રિલ, ૨૦૨૩, રવિવારના** રોજ મુંબઈના શાનદાર અને સૌથી મોટા એવા ભવ્ય સન્મુખાનંદ હોલ - કિંગસર્કલ ખાતે આયોજીત કરવામાં આવ્યો છે.


ઉપર જણાવેલ બધાજ કાર્યક્રમોની વિગતવાર જાણકારી આ અંકમાં આપેલી છે તેની નોધ લેવા વિનંતી.

**સૌના અંતરમાં આનંદનો ધબકાર છે**
**રોમે રોમે ખુશાલીનો રણકાર છે**
**શબ્દે શબ્દે શુભેચ્છાનો ટહુકાર છે**

**અસ્તુ**

*****





**Abraham Lincoln**

1. Lost his job
2. Got defeated for legistature
3. Started business and failed
4. Wife died of a fatal disease
5. Experienced nervous breakdown
6. Contested in election for speaker in legislature and lost
7. Tried for nomination in a political party and lost
8. Applied for post of land officer and didn't get it
9. Contested for senate and lost
10. Contested for vice president and lost
11. Again contested for senate and lost

**And Two Years Later...**
**Got Elected As President Of America**

## તંત્રી સ્થાનેથી...



# રોજ પ્રભુને "Thank You" કહેજો

ભક્ત તે છે, જેને બધી ઘટનાઓમાં ઈશ્વરની કૃપાના દર્શન થાય છે. કશુક અનિચ્છનીય બને તો તેમાં પણ ભગવદ્ કૃપા નિહાળે તેનું જ નામ ભક્ત! ભક્ત કદીય મથામણનો ત્યાગ ન કરે, મથામણને અંતે એ નિષ્ફળ જાય તોય કહે છે; 'હે માલિક! જેવી તારી મરજી.'

રોજ રોજ બનતી નાની મોટી અનૂકુળ કે પ્રતિકૂળ ઘટનાઓમાં ઉપરવાળાની કૃપાનો અનુભવ કરવો એ જેવી તેવી સંપ્રાપ્તિ નથી. જરાક શાંત ચિત્તે વિચારીએ તો સમજાય કે આપણું 'હોવું' પણ એની કૃપાના અસ્ખલિત પ્રવાહ વગર શક્ય નથી. પ્રતિક્ષણ શ્વાસોશ્વાસ ચાલે છે તેથી તો આપણે છીએ. બાળક જન્મે ત્યાં તો પ્રાણવાયુ તૈયાર હોય છે અને તરસ લાગે ત્યાં તો પાણી તૈયાર હોય છે એને ભૂલ લાગે ત્યાં તો માતાનું દૂધ તૈયાર હોય છે એને હૂંફ જોઈએ ત્યાં માતાની સોડ તૈયાર હોય છે. એ નીરખી શકે એ માટે પ્રકાશ તૈયાર હોય છે. એ હરીફરી શકે એ માટે અવકાશ તૈયાર હોય છે એ વાત્સલ્ય પામી શકે એ માટે માતાનો ખોળો તૈયાર હોય છે આવો કૃપા પ્રવાહ જીવન પૂરું થાય ત્યાં સુધી અટકતો નથી.

માણસની નાડીના ધબકારા ઘણુંખરું લયબદ્ધ રહે છે, માણસનું બ્લડપ્રેશર ઘણુંખરું નોર્મલ રહે છે. ઘણાખરા માણસો સગી આંખે આસપાસની સૃષ્ટિ જોઈ શકે છે. તે શું જેવી તેવી કૃપા નથી? આકાશમાં પથરાયેલું મેઘધનુષ્ય ભાળી શકાય છે. કોયલના ટહુકા સાંભળી શકાય છે. સ્વજનોનો હુફાળો સ્પર્શ પામી શકાય છે. ભરચક ટ્રાફિકમાંથી રસ્તો પાર કરી શકાય છે, પરિવારનો પ્રેમ જીવનના સ્વાદમાં વધારો કરનારો જણાય છે. પુષ્પોની સુગંધ પામી શકાય છે. ડુંગર ચડીને જાત્રા કરતા ભગવાનની પૂજા કરવાનો સોનેરી અવસર પ્રાપ્ત થાય છે. ખેતરમાં ડોલતા કણસલાને વિસ્મયપૂર્વક નિહાળી શકાય છે. વરસાદનાં નિર્મળ જળમાં ભીંજાવા મળે છે. કોઈના સુખે સુખી અને કોઈના દુઃખે દુઃખી થવાની સંવેદનાનો અનુભવ થાય છે. કશીક ઘટના બને ત્યારે બુદ્ધિપૂર્વક તર્કશુદ્ધિ રીતે વિચારી શકાય છે. ક્યારેક કોઈની સાથે હસીને દિલ હળવું બનાવી શકાય છે, તો ક્યારેક કોઈની યાદમાં રડી શકાય છે. માણસને આનાથી વધારે શું જોઈએ? આપણાં સહુની ઉપર પ્રભુની કૃપાનો અપાર ધોધ વહેતો રહે છે.

વિખ્યાત સૂફી સંત રાબિયા પાસે એક મુસલમાને જઈને કહ્યુ; ''મારું માથું એવું તો દુઃખે છે કે પીડા સહન થતી નથી. થાય છે કે માથું કાપી નાખું.'' રાબિયાએ એના માથા પર હાથ ફેરવ્યો અને કહ્યુ, ''અત્યાર સુધી માથું દુઃખતું નહોતું, ત્યારે કદી પણ તે ખુદાનો આભાર માન્યો છે ખરો?'' રબિયાએ બહુ મોટી વાત કહી દીધી.

સાંજે જમવા બેસીએ અને થાળીમાં ભોજન પીરસાય ત્યારે આપણે પ્રભુનો પાડ માનતા નથી, સાજાસમા હોવા બદલ આપણે ઈશ્વરના અનુગ્રહની નોંધ લેવાનું ચૂકી જઈએ છીએ જેની પાસે સુંદર મજાની દ્રષ્ટિ છે તે માણસ આંખનું ખરું મૂલ્ય સમજવામાં ગોથું ખાઈ જાય છે, હાર્ટ એટેક આવ્યા પછી જ હૃદયનું મૂલ્ય સમજાય છે. ડાયાલિસિસ કરાવવાની નોબત આવે ત્યારે કિડનીનું મહત્વ સમજાય છે. ઉંઘની ગોળી લીધા પછી પણ ફાંફાં મારવા પડે ત્યારે માંડ સમજાય છે કે ઘસઘસાટ ઉંઘનાર પરિશ્રમી કે ગરીબ આદમી કેટલો વૈભવશાળી છે.

જીવનની કહેવાતી નાની ઘટના પણ નાની નાની નથી હોતી. પ્રતિક્ષણ માલિકના અનંત ઉપકાર હેઠળ હોવાની અનુભૂતિ એ જ આપણા સહુની સાચી અમીરાત છે. કૃપાનુભૂતિને અંતે હૃદયમાં ઉગતી પ્રાર્થનામાં શબ્દો ખરી પડે છે અને કેવળ પ્રાર્થના રહી જાય છે.



**''સમગ્ર જીવન દરમ્યાન**
**જો તમે**
**ફક્ત સવારે અને સાંજે**
**બે જ વખત પ્રાર્થના કરો**
**અને પ્રભુને "Thank You" કહો**
**તો તે પણ પૂરતું છે.''**




❑ ભારતી બી. શાહ

# પાલીતાણા યાત્રા પ્રવાસ અહેવાલ







સમગ્ર વિશ્વમાં બેજોડ-અદ્‌ભૂત-અલૌકિક-અવર્ણનીય સર્વ ઉપમાઓથી પર સૌ ભવ્યજીવોની શ્રદ્ધાનું કેન્દ્રસ્થાન એટલે અલબેલો ગિરિરાજ જે ગિરિરાજના એક એક કણ અતિ પવિત્ર છે, એની એક એક શિલાઓ પર સાધના કરીને આજ સુધી અનંતા અનંત આત્માઓ સિદ્ધિગતિને પામ્યા છે, જેના મહિમાનું વર્ણન સાક્ષાત કેવલી ભગવંતો પણ કરતા થાકતા નથી. તે શાશ્વતા તીર્થની મહાયાત્રા સમાજના પરિવારોને કરાવવાની ભાવના સહુ પ્રથમ પોળની શેરીના **શ્રી પંકજભાઈ નેમચંદ શાહને** હૃદયમાં ઉદ્‌ભવી અને એમના જોશ અને જુસ્સાને પારખી વર્તમાન પ્રમુખશ્રી દાનેશભાઈ માટલીવાળાના મનમાં પણ શુભભાવ જાગ્યા અને તેઓ પણ યાત્રાના સહયોગી દાતા બન્યા જેનું સંસ્થાને ગૌરવ છે.

જય જયશ્રી આદિનાથના જયઘોષનાદ સાથે શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના દરેક વયજુથના સમસ્ત પરિવારજનો માટે તા. ૧૦ થી ૧૩ જાન્યુઆરી દરમ્યાન પાલીતાણા યાત્રા પ્રવાસની સંસ્થાના મુખપત્ર પાટણ પ્રતિબિંબના માધ્યમ મારફત જાહેરાત કરવામાં આવી. શ્રી પંકજભાઈના પરિવારની ઉમદા ધ્યેય સાથેની આંતરિક અભિલાષા પરિપૂર્ણ થવાનો પ્રારંભ થઈ ચૂક્યો. પરહિત અને ધર્મકાર્યો માટે પરિવારમાં પ્રગટેલી દીપશિખાએ જ્વલંત મશાલનું રૂપ ધારણ કર્યું હતું. આવા દાનવીરના દાન પ્રવાહથી સુકૃત્યની સુવાસની સંસ્થા સાક્ષી બની શકી એ સમાજનું અહોભાગ્ય !

યાત્રા પ્રવાસની જાહેરાતને સમાજના પરિવારો દ્વારા ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપતા ટૂંક સમયમાં જ ૩૦૦ સભ્યના લક્ષ્યાંકને છલકાવી દીધો અને પાટણ જૈન મંડળના હોદ્દેદારો અને કાર્યકરોમાં નવો જોમનો સંચાર થયો.

પ્રવાસનો દિવસ જેમ જેમ નિકટ આવવા લાગ્યો તેમ તેમ કાર્યકરોના કામનું દબાણ વધવા લાગ્યું, સાત બસોનું તેમજ બન્ને દિવસ નવકારશી, બપોરનું ભોજન તથા ચોવિહાર ઈત્યાદિના ભોજનની વાનગીઓ અંગે પણ શ્રી જનકભાઈ દ્વારા અનેક વખત ચર્ચા-વિચારણા અને સૂચન વગેરે સાંભળી અમદાવાદ સ્થિત **શાલીભદ્ર કેટરસના શ્રી કેતનભાઈને જવાબદારી સોંપવામાં આવી.**

પાલીતાણા જતા અને મુંબઈ પરત ફરતા બન્ને સમય ટ્રેનમાં ડબ્બામાજ ઉત્તમ વાનગીઓ આપવાની પણ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ. બ્લોકોની ફાળવણી અને બસ નંબર ઈત્યાદીની માહિતી સાથેનું **મે. નેહજ પ્રિન્ટર્સ** દ્વારા છપાયેલ આકર્ષક બ્રોશર તથા શિયાળાના સમયે પ્રવાસમાં સુગમતા રહે માટે દરેકને શાલ તથા કોરોના રક્ષણ માટે માસ્કની વ્યવસ્થા પણ પુરી પાડવામાં આવી હતી.

મંગળવાર તા. ૧૦ જાન્યુઆરીના નિયત દિવસે બપોરે બાન્દ્રા સ્ટેશન ખાતે બન્ને દાતા પરિવારોનું સંસ્થાના હોદ્દેદારોના વરદ હસ્તે તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નિયત સમયે ગાર્ડની લીલી ઝંડી સાથે યાત્રા પ્રવાસનો શુભારંભ થયો, દરેક યાત્રિકોને તેમની સીટ પર ખાવાના બોક્ષ તથા પાણીની બોટલ કાર્યકરો દ્વારા વિતરણ કરવામાં આવી.

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી પંકજભાઈ અને શ્રીમતી ભગવતીબેન પરિવાર તરફથી પ્રત્યેકના રૂા. ૧૦૦/- મુજબ દરેક યાત્રિકોને તિલક કરી સંઘપૂજન કરવામાં આવ્યુ.** તથા યાત્રા પ્રવાસની અરસપરસ સુખાકારીની શુભેચ્છાઓ આપવામાં આવી. પાલિતાણા રેલ્વે સ્થાનક જ્યાં દરેકને ફાળવેલ બસ નંબર પ્રમાણે બેસાડવામાં આવ્યા અને સંઘ પહોંચ્યો ધર્મશાળાના આંગણે જ્યાં ઢોલ તથા શરણાઈ સાથે દરેક યાત્રાળુઓનું સંગીતમય સ્વાગત કરવામાં આવ્યું.

પ્રવાસમાં જોડાયેલા યાત્રિકોને **શુભ જયંતિ ખીમંત ભુવન તથા વિદ્યાવિહાર બે ધર્મશાળામાં ઉતારો** આપવામાં આવ્યો હતો. બન્ને ધર્મશાળામાં સંપૂર્ણ સગવડ સાથે પ્રત્યેક બ્લોકમાં શક્યતઃ પલંગની વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. ખીમંત ભુવનના ટ્રસ્ટી **શ્રી અતુલભાઈ જયંતિલાલ શાહની** હાજરી અને શક્યતઃ વધુમાં વધુ સગવડતા કરી આપવાની શુભ ભાવના બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

દેવવિમાન તુલ્ય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના જીનાલયને તથા બન્ને ધર્મશાળાઓની બહાર મનોરમ્ય રંગોળી બનાવી, રંગબેરંગી લાઈટોથી શણગારી હતી.

શુભ જયંતિ ખીમંત ધર્મશાળા ખાતે દરેક યાત્રિકો માટે નવકારશીની વ્યવસ્થા રાખવામાં આવી હતી, તેજ સમયે યાત્રા પ્રવાસમાં જોડાયેલા દાતા પરિવારના સ્વજનો દ્વારા દરેક યાત્રાળુઓના પગધોઈ સંઘપુજન કરવામાં આવ્યું હતું, જેની અનુમોદના.

સવારના સાડા દસ વાગ્યે ખીમંત ધર્મશાળાના પટાંગણમાં જ આવેલ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયમાં જિનેન્દ્ર ભક્તિ સ્નાત્ર મહોત્સવ રાખવામાં આવ્યો હતો, કેસર-ચંદન તથા ફુલોથી દાદાનો દરબાર મહેકી રહ્યો હતો. સંગીતકાર **શ્રી કૌશિકભાઈ** દ્વારા કર્ણપ્રિય સંગીત સુરાવલીઓ વહાવી સ્નાત્ર મહોત્સવમાં એક અનેરા ભક્તિભાવનો માહોલ સર્જાયો હતો. યાત્રિકો ભક્તિભાવથી ભીંજાઈ ગયા હતા. સ્નાત્રપુજા દરમ્યાન ઘણા ભાઈઓએ મનમોહક ચામર નૃત્ય કરી પ્રભુભક્તિની રસલહાણ કરી હતી.

બપોરના મનભાવન ભોજનનો સ્વાદમાણી બપોરે હસ્તગિરી દર્શનાર્થે સંઘ રવાના થયો. જ્યાં સહુ યાત્રિકો દ્વારા સેવા-પુજા તથા ચૈત્ય વંદન કરી પ્રભુ ભક્તિનો આનદ માણવામાં આવ્યો હતો. અત્રે ચૌમુખી જિન પ્રસાદ છે જેમાં આદીનાથ, પાર્શ્વનાથ તથા ભગવાન બિરાજમાન છે આ તીર્થનું નિર્માણ આપણાજ સમાજનાં મણિયાતીપાડાના સદ્‌ગત **શ્રી કાંતિલાલ મણિલાલ ઝવેરી** દ્વારા સ્વહસ્તે કરવામાં આવેલ છે, જેનો ઉલ્લેખ કરવો એ અનુમોદનીય છે.

હસ્તગિરીથી પરત ફરતા રોહીશાળા ખાતે પ્રથમ દેવ દર્શન કર્યાબાદ ચૌવિહારનો સમય હોઈ તેને ન્યાય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ પ્રકૃતિની ગોદમાં નિર્માણ પામેલ આ જિનાલયના પરિસરમાં હરિદ્વારની માફક દરરોજ સામુહિક સંધ્યા આરતીનું ભવ્ય આયોજન કરવામાં આવે છે જેમાં દરરોજ ગિરીરાજની તથા શેત્રુંજી નદીની આરતી થાય છે. જે પૈકી ગિરીરાજ તિર્થની મહા આરતીના તથા મંગળદીવાનો સંયુક્ત ચઢાવાના લાભ શ્રી પંકજભાઈ દ્વારા લેવામાં આવેલ જેની ભુરી ભુરી અનુમોદના. આ પ્રસંગે લગભગ ત્રણ હજારથી વધુ ભાઈ-બહેનોની મેદનીથી રોહીશાળા પરિસર છલોછલ ઉભરાઈ રહ્યું હતું.

આહલાદક અને આનંદજનક વાતાવરણનો આનંદ માણી ત્યાંથી બસ દ્વારા નીકળી સર્વે યાત્રિકો આવી પહોંચ્યા વિદ્યાવિહાર પટાંગણમાં જ્યાં સંધ્યા ભક્તિ ભાવના તથા દાતા પરિવાર સન્માન સમારોહનું આયોજન કરવામાં આવેલ.

આજે તો આ પરિસરની રોનકમાં અનેરો નિખાર આવેલ હતો. ધર્મશાળાનું પટાંગણ હડકેઠઠ ભરાયેલ, સાથો સાથ ધર્મશાળાના બ્લોકો બહારના પેસેજ તથા બન્ને મજલાના પેસેજમાં પણ જ્યાં મોકળાશ મળી ત્યાં સહુ યાત્રિકો કાર્યક્રમને માણવા બેસી ગયા હતો. આ તરફ સંગીતકાર કૌશિકભાઈ તરફથી પણ મધુર ભક્તિ ગીતોની રસલહાણ થઈ રહી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખ **શ્રી રોહિતભાઈ** દ્વારા પણ ભાવનાગીત રજુ કરવામાં આવેલ.

થોડાક સમય ગીતોની રંગત માણ્યા બાદ મંડળના પ્રથમ ઉપપ્રમુખ અને યાત્રા પ્રવાસના કન્વીનર **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** દ્વારા સર્વે યાત્રિકોની શુભેચ્છા આપવા માટે સંસ્થાના હોદ્દેદારો તથા દાતા પરિવારના **શ્રી પંકજભાઈને** મંચ ઉપર બિરાજમાન થવા નિમંત્રણ આપવામાં આવ્યું.

સ્ટેજ ઉપરથી સંબોધતા શ્રી જનકભાઈ દ્વારા અત્રે પધારેલ સર્વે યાત્રિક ભાઈ-બહેનોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. સાથોસાથ યાત્રા પ્રવાસની પૂર્વ ભુમિકા રજુ કરી યાત્રા પ્રવાસના બન્ને સૌજન્ય દાતા પરિવારોના આર્થિક યોગદાન બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મંડળના **પ્રમુખશ્રી દાનેશભાઈ** દ્વારા પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધન સંસ્થાની હાલની પ્રવૃત્તિઓ તથા ભવિષ્યના પ્રકલ્પો વિશેની ટૂંકમાં માહિતી આપવા સાથે અત્યારસુધી ૭ કરોડના દાનના વચનો મળેલ છે, તેની જાહેરાત કરવામાં આવી હતી. જેને ઉપસ્થિત સર્વે યાત્રિકો દ્વારા તાળીઓના ગડગડાટથી વધાવી લેવામાં આવ્યા હતા.

મંડળના ઉપપ્રમુખ અને યાત્રા પ્રવાસના કન્વીનર **શ્રી હિતેનભાઈ** દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં દાતા પરિવારજનોને બિરદાવવામાં આવેલ.

યાત્રા પ્રવાસના મુખ્ય દાતા **શ્રી પંકજભાઈ નેમચંદ શાહ, શ્રીમતી બીનાબેન પંકજભાઈ તેમજ ભાઈશ્રી પ્રવિણભાઈ**નું સંસ્થાના હોદ્દેદારોના વરદહસ્તે શાલ, શ્રીફળ તથા માળા પહેરાવી અભિવાદન કરવામાં આવ્યું હતું. સાથોસાથ તેઓની દાનની ગરિમાને બિરાદવતા સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું હતું, જેનું વાંચન **શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ** દ્વારા કરવામાં આવ્યું હતું.

શ્રી જનકભાઈ દ્વારા સમગ્ર યાત્રા પ્રવાસના સર્વે કાર્યોમાં આપેલ સક્રિય સહયોગ બદલ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. આ અવસરે દાતા શ્રી પંકજભાઈ શાહે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે વર્ષો પૂર્વે સમાજના પરિવારોને યાત્રા ન કરાવું ત્યાં સુધી પાણીપુરી ન ખાવાનો નિયમ લીધેલ જેની આજે પૂર્ણાહુતી થાય છે. શ્રી જનકભાઈ શાહે તેમની આભાર ભાવનાના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે તેઓએ તેમની ફરજ માત્ર બજાવેલ છે. શ્રી પંકજભાઈની ભવિષ્યમાં સમેત શિખરજી યાત્રા પ્રવાસ કરાવવાની ભાવના છે તેની સહર્ષ જાહેરાત કરવામાં આવી હતી.

ત્યારબાદ યાત્રા પ્રવાસના સહયોગી દાતા **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ માટલીવાળા પરિવાર** (કનાસાનો પાડો) વતી તેમના સુપુત્રો **શ્રી દાનેશભાઈ, શ્રી ભાગ્યેશભાઈ, શ્રી સુકેશભાઈ તથા શ્રી ધીરેનભાઈ તેમજ શ્રીમતી કેતકીબેન, શ્રીમતી દીનાબેન, શ્રીમતી સોનલબેન તથા શ્રીમતી અવનીબેનનું** સંસ્થાના હોદ્દેદારો તથા શ્રી પંકજભાઈના વરદ હસ્તે શાલ, શ્રીફળ તથા માળા પહેરાવી અભિવાદન કરવામાં આવ્યું હતું. તેમજ તેઓની દાનની ગરિમાને બિરદાવતા સન્માનપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. જેનું વાંચન **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રી પંકજભાઈની ભાવના અનુસાર યાત્રા પ્રવાસના નાના-મોટા દરેકે દરેક કાર્યોમાં નિઃસ્વાર્થભાવે સમય ફાળવી સેવાઓ આપનાર મંડળના હોદ્દેદારો, યાત્રા પ્રવાસના કાર્યકરો તથા શ્રી પાટણ જૈન મંડળ સ્ટાફનું રજત ચંદ્રક આવી બહુમાન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની પુર્ણાહુતિ પૂર્વે યાત્રા પ્રવાસમાં જોડાયેલા યાત્રિકો દ્વારા અપાયેલ સંઘપુજનના રૂપિયા ત્રણસો પચાસ તથા સંસ્થાના મુખ્ય હોદ્દેદારો દ્વારા અપાયેલ રૂપિયા પચાસ મળી **કુલ રૂા ૪૦૦/-નું પાલિતાણા પ્રવાસ યાત્રિકો તરફથી સંઘપૂજનનું વિતરણ** કરવામાં આવ્યું હતું. તેમજ આવતીકાલના કાર્યક્રમો અંગેની સંપૂર્ણ જાહેરાત કરવામાં આવેલ ત્યારબાદ આભારવિધી કરી કાર્યક્રમની પુર્ણાહુતી કરવામાં આવી હતી.

તા. ૧૨-૦૧-૨૦૨૩નો સુરજ સાત અશ્વના રથમાં અસવાર થઈને આવવાની ઘડીઓ ગણાઈ રહી હતી, પરંતુ તેના પૂર્વે જ ગુલાબી ઠંડકવાળી મૌસમનો રસાનંદ લેતા વહેલામાં વહેલી તકે આદિનાથ દાદાનું મુખડુ જોવા, પક્ષાલ પુજાનો લાભ મળે તેવી ગણતરી સાથે કેટલાંય ભાવિકોએ સવારના સાડાપાંચ વાગ્યાથી જ યાત્રાનો શુભારંભ કર્યો હતો.

જે યાત્રિકો પગપાળા યાત્રા કરવા શક્તિમાન ન હતા તેઓએ ડોળીનો સહારો લઈને જય જય શ્રી આદિનાથ સાથે નારા લગાવતા યાત્રા પ્રારંભ કરી હતી. વળી કો'ક ભાવિકોએ જય તળેટી તથા બાબુના જિનાલયમાં જ પક્ષાલ તથા કેસરપુજા કરી, સાચા સુમતીનાથ દાદાના જિનાલયે દર્શન કરી યાત્રા પૂર્ણાહુતી કરી હતી.

અગાઉથી અપાયેલ કડક સુચના અનુસાર યાત્રાએથી પરત ફરતા ભાવિકો દ્વારા પાલિતાણાની ભેલ કે શેરડી - લીંબુના રસનો વપરાશ ન કરતા અત્રે ધર્મશાળામાં કરાયેલ વિશેષ ગોઠવણનો લાભ લઈ યાત્રિકોએ પરિતૃપ્તિ અનુભવી હતી.

અગાઉથી નગરમાં કરેલ પ્રચાર અનુસાર આપણા આંગણે ઘણા સાધુસાધ્વીજી ભગવંતોને બન્ને દિવસ ત્રણેય સમય નિર્દોષ ગોચરી વહોરાવવાનો અમુલ્ય લાભ સંસ્થાને સાંપડેલ છે તે સત્કાર્ય કરવાનો સૌભાગ્ય પ્રાપ્ત થયું.

આ યાત્રાપ્રવાસમાં સંસ્થાના પ્રમુખ, હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા સમાજનાં શ્રેષ્ઠીઓ તેમના ધર્મપત્નીઓ સાથે પધારી આદીશ્વર દાદાની છત્રછાયામાં સાધના-આરાધના અને ઉપાસનામાં ભાગ લઈ મન મૂકીને ભક્તિ કરી હતી.

જોતજોતામાં બે દિવસ પાલિતાણાની પાવન ભૂમિમાં પસાર કર્યા પશ્ચાત પરત આવવાનો સમય આવી રહ્યો અને પુનઃ દરેક યાત્રિકો બસમાં બેસી સોનગઢ જવા રવાના થયા. અહીં સ્ટેશન ખાતેજ ચોવિહારના બોક્ષનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ઋજુ હૃદય ધરાવતા યાત્રિકોના વાત્સલ્યભર્યા નયનો હર્ષાશ્રુથી છલકી રહ્યા હતા. ધર્મમય વાતાવરણ અને લાગણીના આવિર્ભાવ સાથે પ્રિયજનોનો જાણે અત્રે મેળાવડો જામ્યો હોય તેવું આલ્હાદક વાતાવરણ સર્જાયું હતું.

દેશ પરદેશથી આવેલ દાતા પરિવારના કુટુંબીજનો અને મહેમાનો પણ હર્ષોલ્લાસ પૂર્વક સંપૂર્ણ યાત્રાનો સંતોષ લઈ અનેરા આપ્તજન બન્યા હતા. યાત્રિકો તથા યજમાનોએ પ્રવાસની પ્રત્યેક પળને પોતાના સંભારણાની સુખદ પળ બનાવી હતી.

કાર્યક્રમની સફળતાના યશના અધિકારીઓ એવા પ્રથમ ઉપપ્રમુખ અને કન્વીનર **શ્રી જનકભાઈ અરવીંદકુમાર શાહ**, ઉપપ્રમુખ **શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહના** નેતૃત્વ હેઠળ અવારનવાર મીટીંગો યોજી આયોજનની સંપૂર્ણ સુચારું વ્યવસ્થા માટે સખત પરિશ્રમ લેવામાં આવ્યો હતો તે બદલ તેઓ પ્રતિ આભારભાવ વ્યક્ત કરવામાં આવ્યો.

કોઈપણ આયોજનની સફળતામાં સંચાલકોની સાથે સહકાર્યકરો તેમજ કર્મચારીઓનો સાથ-સહકાર મહત્વના હોય છે. ટ્રેનમાં બોગી સંભાળવા, બસમાં લાવવા લઈ જવા તથા ઉતારા તેમજ ભોજનશાળાના ઉપરાંત સાધુ સાધ્વી વૈયાવચ્ચ જેવા તમામ કાર્યોમાં **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રી અમીતભાઈ સેવંતીલાલ શાહ, શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ, શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, શ્રી જયેશભાઈ કુમારપાલ શાહ, શ્રી મયુરભાઈ સુરેશભાઈ જૈન, શ્રી મીલનભાઈ વિપીનચંદ્ર શાહ, શ્રી નિલેશભાઈ અરૂણભાઈ શાહ, શ્રી પ્રવીણચંદ્ર નવીનચંદ્ર શાહ, શ્રી પરાગભાઈ રજનીકાંત શાહ, શ્રી વિજયભાઈ નવનીતલાલ શાહ, શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર શાહ, શ્રીમતી પ્રીતિબેન નિલેશભાઈ શાહ, શ્રીમતી શીતલબેન ભાવેશભાઈ શાહ, શ્રીમતી સ્નેહાબેન વિપુલભાઈ ઝવેરી, શ્રીમતી ધરાબેન નિલેશભાઈ શાહ, શ્રી દિપકભાઈ પ્રેમચંદ શાહ** વગેરે દ્વારા કરાયેલ નિષ્ઠાપૂર્વકના પરિશ્રમ બદલ તેઓ સર્વે પણ અભિનંદનના અધિકારી છે. પ્રવાસ સમિતિના **શ્રી જયેશભાઈ હરસુખલાલ શાહ, શ્રી પ્રકાશભાઈ ભગવાનદાસ શાહ, શ્રી સુનીલભાઈ રવિન્દ્રભાઈ શાહ શ્રી કેતનભાઈ મહેન્દ્રકુમાર શાહે** યાત્રિકો દ્વારા ભરાઈને આવેલ નામોની ટીકીટ બુકીંગ માટે યાદી બનાવી ઈત્યાદિ કાર્યો માટે આપેલ સેવાઓને અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવે છે.

યાત્રામાં જોડાયેલ યાત્રાળુઓની અરજી ફોર્મમાની વિગતોની ઝિણવટથી ચકાસણી, ઉતારા, બસ તથા રેલ્વે ટિકિટ વગેરેનું આયોજનબદ્ધ કાર્યવાહી કરનાર સંસ્થાના મેનેજર **શ્રી મનુભાઈ જોશીનો** બહોળો અનુભવ આ આયોજનમાં ઘણો ઉપયોગી રહ્યો. તેમજ તેમને સહાયક થનાર કર્મચારીઓ **શ્રી જ્ઞાનેશભાઈ, શ્રી જયંતિભાઈ દેસાઈ, શ્રીમતી પ્રિયાબેન શાહ** તથા અન્ય કર્મચારીગણનો સહકાર પ્રસંશનીય છે.

બસ બુકીંગ, ઢોલ-શરણાઈ, સંગીતકાર, સાઉન્ડ સીસ્ટમ ડેકોરેશન, રંગોળી ઈત્યાદિ સઘળી જરૂરી વ્યવસ્થામાં અગ્રેસર રહી પાલિતાણા પ્રવાસના સફળતાના સારથી તરીકે ઉભરી આવેલ **શ્રી જીગરભાઈ ગીરીશભાઈ શાહની** સુઝ-બુઝ-શક્તિ અને સંપર્ક સુત્રો મારફત ગોઠવેલ આયોજનને બિરદાવતા અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી અનુભવાય છે.

આ પ્રવાસની સફળતા માટે પરમાત્મા શ્રી આદીનાથ દાદાની, અધિષ્ઠાયક દેવી ચક્રેશ્વરી માતાની અપરંપાર કૃપા મળી હતી.






























# શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ પ્રસંગોનો ત્રિવેણી સંગમ









વિદ્યાર્થીઓ દ્વારા શહીદ શ્રદ્ધાંજલિ રેલી

પ્રમુખશ્રીના અધ્યક્ષ પદે પ્રજાસત્તાક દિન નિમિત્તે ધ્વજવંદન, વિદ્યાર્થીઓ, શિક્ષકગણ તથા મહેમાનોની ઉપસ્થિતિ

**તા. ૨૫-૨૬-૨૭, જાન્યુઆરીના શનિવાર-રવિવાર તથા સોમવારના રોજ શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ ખાતે વિવિધ પ્રસંગોનો ત્રિવેણી સંગમ થયો હતો.**

**૨૫ જાન્યુઆરી, ૨૦૨૩ શહિદ શ્રદ્ધાંજલિ રેલી :-**

સાંજે ૪ કલાકે વિદ્યાલય પટાંગણમાંથી લગભગ ૫૦૦ વિદ્યાર્થીઓ - શિક્ષકગણ તથા અન્ય દેશ ભક્તોની ઉપસ્થિતિમાં રેલી કાઢવામાં આવી હતી. શિસ્તબદ્ધતા સાથે શરૂ થયેલ આ રેલી ફતેસીહરાવ લાયબ્રેરી ચોકમાં આવેલ શહીદ સ્મારક ખાતે પહોંચી હતી. જ્યાં **મંડળના પ્રમુખશ્રી દાનેશભાઈ તથા ઉપપ્રમુખશ્રી રાજેન્દ્રભાઈએ શહિદોના સ્મારકને ફુલ અર્પણ કરી શ્રદ્ધાંજલિ આપી હતી.**

આચાર્યશ્રી-શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓની ઉપસ્થિતિ ધરાવતી દેશ ભક્તિના નારાઓ સાથે **શહેરના રાજમાર્ગો પર ચાલી રહેલ આ રેલીને નિહાળવા લોકો રાહ જોઈ ઊભા રહ્યા હતા.** છેલ્લે સ્કુલ પરિસરમાં પહોંચી હતી ત્યારબાદ નાસ્તો તથા પ્રજાસત્તાક દિનની ઉજવણી રૂપે વિદ્યાર્થીઓ ગરબાના તાલે જુમ્યા હતાં.

**૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી :-**

રવિવારના રોજ સવારે ૯ કલાકે વિદ્યાલય પટાંગણમાં ધ્વજવંદનનો કાર્યક્રમ આયોજીત કરાયો હતો. ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓ વાલીઓ, શિક્ષકગણ તથા આમંત્રતિ મહેમાનોની હાજરીમાં **શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દાનેશભાઈ વી. શાહે રાષ્ટ્રગીતની ધુન વચ્ચે રાષ્ટ્રીય ધ્વજને લહેરાવ્યો હતો.** આ પ્રસંગે પ્રાથમિક ભવનના **મુખ્ય દાતા શ્રી ત્રિભોવનભાઈ પટેલ**, મુંબઈથી **ઉપપ્રમુખશ્રી, રાજેન્દ્રભાઈ જે. શાહ**, વિદ્યાલય **માનદમંત્રી શ્રી ભરતભાઈ સી. શાહ**, વિદ્યાલય સમિતિના **શ્રી નિખીલભાઈ આર. શાહ** મેનેજીંગ કમિટિના **સભ્યશ્રી યોગેશભાઈ આર. શાહ**, લોકલ કમિટિના **શ્રી ડૉ. અતુલભાઈ અગ્રવાલ, શ્રી કમલેશભાઈ શાહ, શ્રી ધીરુભાઈ શાહ** તથા અન્ય મહેમાનોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

આ પ્રસંગે **પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી, આચાર્યશ્રી બી.આર. દેસાઈ** વગેરેએ પ્રાસંગિક વક્તવ્ય આપ્યું હતું.

ધ્વજવંદન કાર્યક્રમ બાદ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરાયો હતો.







પ્રજાસત્તાક દિન ઉજવણી, પ્રાસંગિક સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક

પ્રાથમિકશાળા નૂતનભવન ખાત મુહુર્ત વિધિ વિધાન પૂર્વક સંપન્ન

**નવનિર્મિત પ્રાથમિક ભવનનું ખાત મુહુર્ત:-**

સવારના ૧૦.૩૦ કલાકના શુભ મુહુર્તે પ્રાથમિક શાળા ભવનનું ખાત મુહુર્ત વિધિ-વિધાન અને પંડિતોના મંત્રોચ્ચાર વચ્ચે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રાથમિક ભવનના મુખ્યા દાતા શ્રી ત્રિભુવનભાઈ પટેલ તથા તેમના પરિવારજનોની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

**નિર્ધારીત કરેલ જગ્યા પર ઊંડો ખાડો ખોદી પૂજન સામગ્રી, વિશિષ્ટ દ્રવ્યો મુકી પ્રમુખશ્રી દાનેશભાઈ, દાતાશ્રી ત્રિભોવનભાઈ તથા અન્ય મહેમાનોએ આ વિધિ ધાર્મિક વાતાવરણ વચ્ચે સંપન્ન કરી હતી.** આજના આ પ્રસંગે સોનામાં સુગંધ સમાન **શ્રી યોગેશભાઈ રવિન્દ્રભાઈ તથા શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ દ્વારા** નૂતન ભવન માટે **રૂા. ૭ લાખના માતબર રકમની સખાવત જાહેર કરાઈ હતી.**

આ બન્ને કાર્યક્રમનું સુંદર અને સફળ આયોજન પ્રિન્સીપાલ શ્રી બી.આર.દેસાઈ અને તેઓના સમગ્ર ટીચર્સ સ્ટાફ દ્વારા કરાયું હતું. ઉપસ્થિત સર્વે મહેમાનો, મિડીયા તેમજ પાટણ નગરજનોએ આ ભગીરથ કાર્ય નિર્વિઘ્ને સંપન્ન્ થાય તેવી શાશનદેવને પ્રાર્થના તથા વિદ્યાલય પરિવારને શુભકામના પાઠવી હતી.



પ્રાથમિકશાળા નૂતનભવન ખાત મુહુર્ત વિધિ વિધાન પૂર્વક સંપન્ન

**માનનીય વડાપ્રધાન દ્વારા વરચ્યુઅલ કાર્યક્રમ 'પરિક્ષા પે ચર્ચા'**

તા. ૨૭ જાન્યુઆરી, સમોવારના રોજ સવારે ૧૦ કલાકે વિદ્યાલય ખાતે **વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દિલ્હીથી પ્રસારિત પરિક્ષા પે ચર્ચાનો વર્ચ્યુઅલ કાર્યક્રમ આયોજીત કરાયો હતો.**

આપણા માટે ગર્વ લેવા જેવી વાત કે, **પાટણ જિલ્લાના માત્ર એક સેન્ટર માટે સરકાર દ્વારા આપણી સ્કુલની પસંદગી કરાઈ હતી.** રૂા. ૨૦ લાખના ખર્ચે રિનોવેટ કરાયેલ સંપૂર્ણ વાતાનુકુલીત હોલમાં **ગુજરાત રાજ્યના ઉદ્યોગમંત્રી શ્રી બળવંત સીંહ રાજપુત સાહેબ, પાટણ જિલ્લા પંચાયત પ્રમુખશ્રી શ્રીમતી ભાનુબેન મકવાણા, બીજેપી મહામંત્રી શ્રી ભાવેશભાઈ** તથા **જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી** તથા અન્ય મહાનુભાવો તથા ૨૫૦ મહેમાનોની ઉપસ્થિતિમાં **ઉદ્યોગમંત્રીશ્રીએ આપણા વિદ્યાર્થીઓને પરીક્ષાના ડરથી મુક્ત રહેવા તથા નિર્ભયી બનવા વિવિધ ઉદાહરણો સાથે સંબોધ્યા હતા.**

**સેન્ટ્રલ હોલમાં ચાલતા કાર્યક્રમોની સાથે સાથે દરેક ક્લાસરૂમમાં લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. આપણી સ્કુલ તથા પાટણની અન્ય સ્કુલના મળી લગભગ ૮૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતાં.** માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે દેશભરની ચુનંદા વિદ્યાર્થીઓએ કરેલ વાર્તાલાપ અને સમસ્યા પ્રશ્નોનો વડાપ્રધાનશ્રીએ પોતાની આગવી શૈલીમાં આપેલ પ્રત્યુત્તર અને પ્રોત્સાહનથી ઉપસ્થિત સર્વે પ્રભાવીત થયા હતા. આવા પરિણામ લક્ષીય ઉપરાંત સરકારશ્રીના અધિકારીઓની ફરજિયાત ઉપસ્થિતિ સાથેના સફળતા પૂર્વકના આયોજન માટે વડાપ્રધાનશ્રીની લોકમુખે પ્રશંસા થઈ હતી. સૌએ આનંદની લાગણી અનુભવી હતી.

**આ પ્રસંગે શ્રી પાટણ જૈન મંડળના ઉપપ્રમુખશ્રી રાજેન્દ્રભાઈ જે. શાહે શિક્ષણ અધિકારીશ્રી,** આચાર્યશ્રી બી.આર. દેસાઈએ સર્વે મહેમાનશ્રીઓનું સ્વાગત તથા પુષ્પગુચ્છ અર્પણ કરી અભિવાદન કર્યું હતું.



ઉદ્યોગમંત્રીશ્રીનું જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તથા ઉપપ્રમુખશ્રી દ્વારા અભિવાદન



વિદ્યાલય સેન્ટ્રલ હોલમાં ગુજરાત રાજ્યના ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસીંહ રાજપુતની ઉપસ્થિતિમાં વડાપ્રાધાનશ્રીનો દિલ્હીથી પ્રસારિત ''પરીક્ષ પે ચર્ચા'' વર્ચ્યુઅલ કાર્યક્રમ ૮૦૦ વિદ્યાર્થીઓએ નિહાળ્યો હતો.

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત મેડિકલ કેમ્પ, ભાયંદર






ભક્તિવેદાંત હોસ્પિટલના ડોક્ટરનું સન્માન કરતા સંસ્થાના પ્રમુખ તથા દાતાશ્રીઓ

શ્રી પાટણ જૈન મંડળ મેડિકલ સમિતિ દ્વારા ભક્તિવેદાંત હોસ્પિટલમાં તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૩ રવિવારના મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૪૦ વર્ષથી વધુ વયના ૨૦૦થી અધિક ભાઈ-બહેનો જોડાયા હતા.

પ્રમુખ **શ્રી દાનેશભાઈ માટલીવાલા,** ઉપપ્રમુખ **શ્રી જનકભાઈ શાહ, શ્રી હિતેનભાઈ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ શાહ** અને આપણા પાટણના યંગ ડોક્ટર શ્રી હાર્દિકભાઈ જેમણે ખાસ હાજરી આપીને અમારા ઉત્સાહને બમણો કરી દીધો હતો.

મેડિકલ ટીમની આગેવાનીમાં સમિતિના ઉપપ્રમુખ **શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી,** માનદમંત્રીઓ **શ્રી દિનેશભાઈ રમણલાલ શાહ, શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ** તેમજ સહમંત્રી **શ્રી મિલનભાઈ વિપીનચંદ્ર શાહ** તથા **શ્રી હેમંતભાઈ જિતેન્દ્રભાઈ શાહ, શ્રી મયુરભાઈ જૈન** સવારના ૬.૩૦ થી સાંજના ૬ સુધી ખભે ખભા મિલાવી જે સેવા કરી તેને બિરદાવતા આનંદ થાય છે.

**શ્રી નિલેશભાઈ રમેશચંદ્ર, શ્રી ગિરવાન દિલીપભાઈ, શ્રી હાર્દિકભાઈ, શ્રીમતી ધરાબેન નિલેશભાઈ, શ્રીમતી પ્રિતીબેન નિલેશભાઈ, શ્રીમતી શીતલબેન ભાવેશભાઈ, શ્રી ભુમિકાબેન, શ્રીમતી સ્નેહાબેન ઝવેરી** જેઓ ખડેપગે હસતા હસતા સહુને મદદદ રૂપ થયાં તેમનો આભાર માનવો કેમ ભુલી શકાય!

આ પ્રસંગે સવારના અલ્પાહાર તથા બપોરના જમણ સાથે સાંજે ચા-બિસ્કીટની ખાસ વ્યવસ્થા રાખવામાં આવી હતી. જેમાં **શ્રી નેહાબેન, શ્રી રવિભાઈ અને શ્રી રિતેશભાઈ** જેઓ પાટણના ન હોવા છતાં એક સેવાભાવના સાથે સક્રિય ભાગ લઈને સાથ સહકાર આપી રહ્યા હતા તેમનો પણ ખુબ ખુબ આભાર.

આ સાથે ભક્તિવેદાંત હોસ્પિટલના ૯૦ થી પણ વધારે ટીમ મેમ્બર્સમાં **ડોક્ટર વેન્કેટ રામન** તથા એડમિનિસ્ટ્રેશન સ્ટાફ, પેરામેડિકલ સ્ટાફ અને વિશેષ **શ્રી બંદીશભાઈ** જેઓએ સવારથી વિનમ્રતાથી ઉપસ્થિત લોકોના તમામ પ્રશ્નોના સતોષ કારક જવાબ આપીને માર્ગદર્શન આપ્યું હતું. તેમનો પણ જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

સેમીનાર દરમ્યાન ભક્તિવેદાંત હોસ્પિટલના ડોક્ટરો, કર્યકરો દ્વારા ભક્તિ વેદાંતા હોસ્પિટલની સ્થાપના પૂર્વેની ભુમિકાથી અત્યારસુધી કરેલ પ્રગતિનો સવિસ્તાર અહેવાલ રજુ કરવામાં આવ્યો. આ પ્રસંગે સંસ્થાના **પ્રમુખશ્રી દાનેશભાઈ માટલીવાલા** દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું, સાથોસાથ ભક્તિવેદાંતા હોસ્પિટલના ડોક્ટર વેન્કટ રામનનું તથા અન્ય ડોક્ટરો અને સ્ટાફના કાર્યની પ્રસંશા કરતા શ્રી પાટણ જૈન મંડળ તરફથી તૈયાર કરવામાં આવેલ સન્માન પત્ર તથા બુકે આપી સન્માનીત કરવામાં આવ્યા હતા.

સવારના ૭ થી સાંજના ૬ વાગ્યા સુધી જે ધીરજ અને શાંતિપૂર્વક કોઈપણ જાતની ફરિયાદ વગર કાર્યને સફળતા અપાવામાં સમાજના ૨૦૦ થી વધુ લોકોએ સહયોગ આપ્યો અને તબીબી પરીક્ષણ કરાવ્યું તે સહુને બિરદાવતા આનંદ થાય છે.

માનદ્મંત્રી, ફાઈનાન્સ **શ્રી હિતેશભાઈ મહેન્દ્રભાઈ શાહ** જેમણે સંસ્થા અને ભક્તિવેદાંત હોસ્પિટલના સેતુ બનીને આ કેમ્પ માટે સહાયકની ભૂમિકા ભજવી તેમનો પણ આભાર.

સેમીનાર નામ નોંધણી સમયે લેવાયેલ રીફંડેબલ ડિપોઝીટ ઉપરાંત ટ્રાવેલીંગ ખર્ચરૂપે રૂા. ૧૦૦/- આવનાર દરેક સભ્યોને સંસ્થા દ્વારા પરત આપવામાં આવ્યા હતા.

મેડિકલ સેમીનારના વિશાળ ખર્ચને પહોંચી વળવા **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ, શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ** તથા **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** દ્વારા પ્રત્યેક પરિવાર દ્વારા રૂા. એક + એક લાખનું દાન આપવામાં આવેલ છે, દાતાઓ પ્રત્યે આભારભાવ વ્યક્ત કરવામાં આવે છે.

# શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત મેડિકલ કેમ્પ, ભાયંદર



















## શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક સમિતિ આયોજિત કાર્યક્રમ




શ્રી પાટણ જૈન મંડળ જીવન મહેક Friendship Group એટલે સમાજનાં unmarried youngster નું youth group.

આ એક પ્લેટફોર્મ છે જેમાં આપણા યંગસ્ટર્સ એકબીજાને મળતા રહે અને પોતાના વિચારોની આપ-લે કરીને યોગ્ય જીવનસાથીની પસંદગી કરી શકે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

Tremendous Response પછી ફરી એકવાર યંગસ્ટર્સની ડિમાન્ડને ધ્યાનમાં લઈને તેમને age wise connect કરવા જીવન મહેક સમિતિ દ્વારા એક નવા unique concept નું આયોજન કરવામાં આવ્યું છે.

**Colour of Festival તારીખ : રવિવાર - ૧૨ માર્ચ, ૨૦૨૩**

**સમય : સાંજે ૪.૦૦ કલાકેથી • સ્થળ : તારાબાઈ હોલ (મરીનડ્રાઈવ)**

**Event Festival of Colours**

**નોંધ : Hightea વ્યવસ્થા રાખવામાં આવેલ છે.**

આ પ્રોગ્રામનું રજિસ્ટ્રેશન ફરજિયાત છે, જેની Link ગ્રુપ ઉપર મુકવામાં આવશે. પ્રોગ્રામમાં આવનાર દરેક વ્યક્તિને Candidate ના data શેર કરવામાં આવશે તેમજ પ્રોગ્રામના ફોર્મ મંડળની ઓફિસમાં મુકવામાં આવશે, જેના રજિસ્ટ્રેશનના રૂા. ૫૦૦/- નોન રીફંડેબલ ભરવાના રહેશે.

વધુ વિગત માટે સંપર્ક : ઉપપ્રમુખ શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળા (કન્વીનર) : મો. ૯૩૨૭૭૪૨૭૮૯

માનદમંત્રી : શ્રીમતી મોનાબેન વિમલેશભાઈ શાહ : મો. ૯૩૨૩૯૫૩૭૭૯

શ્રીમતી હેમાબેન દર્શનભાઈ શાહ : મો. ૯૭૬૯૩૬૯૧૯૬

શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ : મો. ૯૮૧૯૦૦૭૪૬૯

ખાસ નોંધ : આ વિશેષ કાર્યક્રમમાં ફ્રેન્ડશીપ ગ્રુપમાં હજુ સુધી ન જોડાયેલ અપરિણિત યુવક-યુવતીઓએ પોતાના નામોની નોંધ **તા. ૦૬-૦૩-૨૦૨૩** સુધીમાં કરાવવી ફરજિયાત રહેશે.

❑ **જીવન મહેક સમિતિ**


**જાન્યુઆરી-૨૦૨૩, માસ દરમ્યાન રૂા. ૧૦,૦૦૦/- થી વધુ દાન આપનાર પૂણ્યશાળીઓ**

# શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

**આઝાદ ચોક, પીપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ - ફોનઃ (૦૨૭૬૬)૨૨૦૨૦૩**

**મુંબઈ કાર્યાલયઃ- ૩૧૮ પ્રસાદ ચેમ્બર્સ, ઓપેરાહાઉસ, મુંબઈ-૪૦૦૦૦૪. ફોન : ૮૮૨૮૧૫૦૦૮૭**

**મુંબઈઃ શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ શાહ મો. ૯૩૨૨૨૨૭૬૪૩ • શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ મો. ૯૮૨૦૫૨૨૯૩૬**

| | |
|---|---|
| શ્રી રાકેશભાઈ અમૃતલાલ પટેલ (ખારી વાવડી) | ૩,૦૨,૦૦૦ |
| શ્રી મુંબઈ જીવદયા મંડળી (અમદાવાદ) | ૧,૪૨,૫૦૦ |
| કંપાણી ચેરીટેબલ ટ્રસ્ટ, મુંબઈ હ. શ્રીમતી અરૂણાબેન નિમેષભાઈ | ૧,૩૫,૦૦૦ |
| શ્રી શેઠ દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મ સ્થાનક (ચિંચપોકલી) | ૧,૫૦,૦૦૦ |
| શ્રી શ્વે. મુ. જૈન સંઘ (અંધેરી - ઈ) | ૭૧,૦૦૦ |
| શ્રી વિપુલભાઈ સનાલાલ શાહ (ઝવેરીવાડો) | ૬૦,૦૦૦ |
| શ્રી સમીરભાઈ શાંતિલાલ મહેતા | ૫૦,૦૦૦ |
| M/s. C. J. Shah & Co. | ૩૭,૦૦૦ |
| શ્રી મનમોહન પાર્શ્વનાથ ટ્રસ્ટ, (ખજુરીનો પાડો) | ૩૬,૦૦૦ |
| શ્રી સુરેશચંદ્ર કે. શાહ ચેરીટેબલ ટ્રસ્ટ (ભાવનગર) | ૨૫,૦૦૦ |
| શ્રી વિલેપાર્લા શ્વે. મૂ. જૈન સંઘ અને ચેરીટીઝ | ૨૧,૦૦૦ |
| શ્રી ભાવિકભાઈ નરેન્દ્રભાઈ શાહ, હ. શ્રી નરેન્દ્રભાઈ મફતલાલ શાહ (ચોધરીની શેરી) | ૨૧,૦૦૦ |
| શ્રી મહાવીરનગર શ્વે. મૂ. જૈન સંઘ (શંકરગલી, કાંદિવલી) | ૨૧,૦૦૦ |
| શ્રી નગીનદાસ પોષધ શાળા (પાટણ) | ૨૦,૦૦૦ |
| શ્રી પાટણ જૈન મંડળ પાલિતાણા યાત્રિકો તરફથી | ૨૦,૦૦૦ |
| શ્રી અરવિંદભાઈ મફતલાલ શાહ (પાટણ) | ૨૦,૦૦૦ |
| શ્રીમતી શારદાબેન બાબુલાલ ચિમનલાલ શાહ | ૧૮,૦૦૦ |
| શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંતભાઈ શાહ પરિવાર | ૧૭,૦૦૦ |
| સ્વ. હંસાબેન (મા) હિંમતભાઈ શાહ ને શ્રદ્ધાંજલિ (ઢંઢેરવાડો) | ૧૫,૦૦૦ |
| શ્રી પંકજભાઈ સેવંતીલાલ શાહ - કૃપાબેનના લગ્ન નિમિત્તે (મણિયાતી પાડો, ગોવાલિયા ટેન્ક) | ૧૩,૫૦૦ |
| શ્રી ઉદયનભાઈ કોઠારી | ૧૧,૦૦૦ |
| શ્રી પ્રકાશભાઈ મહાસુખલાલ શાહ (શિતલનાથ દાદાના જન્મ કલ્યાણક નિમિત્તે) (અબજી મહેતાનો પાડો) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી ગીતાબેન કીરીટભાઈ શાહ (ચોધરીની શેરી, પાર્લા) | ૧૧,૦૦૦ |
| શ્રી મુનીસુવ્રત સ્વામી જીનાલય પંચાન્હીકા મહોત્સવ, જીવદયાટીપ (પાટણ) | ૧૧,૦૦૦ |
| ન્યુ પ્રેમ સૌભાગ્ય શ્વે. મૂ. તપગચ્છ જૈન સંઘ (બોરીવલી) | ૧૧,૦૦૦ |
| શ્રીમતી રૂપલબેન ગીરીશભાઈ શાહ, (વિલેપાર્લા - વે) | ૧૧,૦૦૦ |
| શ્રી કલ્યાકારી સિદ્ધાર્થનગર શ્વે. મૂ. જૈન સંઘ (ગોરેગાવ - વે) | ૧૧,૦૦૦ |
| શ્રી કાંતિલાલ જે. શાહ, ચે ટ્રસ્ટ (આણંદ) | ૧૦,૦૦૦ |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ 80G હેઠળ કરવેરામાં રાહતને પાત્ર છે

ADVT

## શ્રી પાટણ જૈન મંડળ

# વિમેન્સ એમ્પાવરમેન્ટ કમિટિ દ્વારા આયોજિત આગામી ભવ્ય કાર્યક્રમ

આપણા સમાજની બહેનો હળેમળે, એકબીજા પાસેથી કંઈક નવું શીખે, પોતાની કળા અને આવડતને સમાજની સામે પ્રસ્તુત કરે, જેનો ફાયદો દરેકને થાય એજ આ સમિતિનો હેતું છે. દરેક પટ્ટણી મહિલાઓ આત્મવિશ્વાસથી સભર બની પોતાનું અલગ વ્યક્તિત્વ વિકસાવે એવી ઉમદા ભાવનાથી આ સમિતિની રચના થઈ છે. એક વર્ષથી પણ ઓછા સમયમાં સમાજની ૪૦૦થી વધુ બહેનોને વોટ્સએપ ગ્રુપ દ્વારા સાંકળી એકબીજાને નજીક લાવવાના પ્રયાસ થયા છે. યોગા, કીડ્સ યોગા, મોબાઈલ એપ્લીકેશનના ઓનલાઈન ક્લાસીસ દ્વારા ઘરે બેઠા વધુ બહેનો જોડાઈ શકે અને બેનીફીટ મેળવી શકે તેવું આયોજન કર્યું છે. આ પ્રવૃત્તિઓમાં એક કદમ આગળ ઉઠાવી **"ઈન્ટરનેશનલ વિમેન્સ ડે"** નિમિત્તે એક ભવ્ય મનોરંજન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેની વિગતો નીચે પ્રમાણે છે.

**શનિવાર તા. ૧૧ માર્ચ ૨૦૨૩**

**સમય: ૩.૩૦ .....**

**સ્થળ : બીસીએ ગરવારે ક્લબ હાઉસ, ચર્ચગેટ**

**કાર્યક્રમ પછી હાઈ ટી / અલ્પાહારની વ્યવસ્થા રાખેલી છે.**

**ચૌવિહારની વ્યવસ્થા પણ રાખેલી છે.**

આ કાર્યક્રમ માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે, જે બહેનો વોટ્સએપ ગ્રુપમાં મેમ્બર છે તેઓ નીચે જણાવેલી વિગતો આપી ગ્રુપમાં જ રજિસ્ટ્રેશન કરાવી શકે છે.

**નામ, રેસિડન્સ એરિયા મુંબઈ, મોહલ્લા નામ, મોબાઈલ નંબર**

આ પ્રમાણે પુરી વિગત સાથે રજિસ્ટ્રેશન કરવું. વિગતો અધૂરી હશે તો નામ રજિસ્ટર કરવામાં નહીં આવે. વહેલો તે પહેલોના ધોરણે ૨૫૦ બહેનોનું રજિસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે. જે બહેનો ગ્રુપમાં મેમ્બર નથી તેઓએ નીચે જણાવેલ નંબર ઉપર વિગતો વોટ્સએપ કરી નામ નોંધાવી શકે છે. **નામ નોંધાવા માટેની છેલ્લી તા. ૫ માર્ચ ૨૦૨૩ છે.**

**સંપર્ક**

**શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ : ૯૦૨૨૯૪૯૪૩૨**
**શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ : ૯૯૨૦૦૬૪૬૬૮**

**"તો આવો બહેનો જોડાઈએ સાથે....**
**મજબુત બનાવીએ સમાજને... "**

**સાદર સાથે કોર કમિટિ વિમેન્સ એમ્પાવરમેન્ટ**

| | | |
|---|---|---|
| શ્રીમતી હીનાબેન ચેતનભાઈ શાહ | શ્રીમતી ભાવીનીબેન જનકભાઈ શાહ | શ્રીમતી જીમ્મીબેન તરંગભાઈ શાહ |
| શ્રીમતી નીતાબેન કેતનભાઈ શાહ | શ્રીમતી સોનલબેન સંદીપભાઈ શાહ | ડૉ. દિપ્તીબેન નિખિલભાઈ શાહ |



Shree Patan Jain Mandal

# SHREE PATAN JAIN MANDAL
# PRESENTS

## સંગીત જલસો

અદ્‌ભુત મ્યુઝિકલ પ્રોગ્રામ

## "A Grand Gala Musical Evening of ERA"

**By your own New Enthusiastic & Energetic Committee on**

**9th April 2023 Sunday at Sanmukhanand Hall,** Kings Circle (E)

## "A GATHERING OF GENERATIONS"

**With Ras - Puri Dinner**

**Donation Passess of Rs. 500/-, 400/-, 300/-, 200/-, 100/- available from 15th March.**
**Added feature :- To & Fro Bus services available against Rs. 50/- only.**
**Pick up & Drop places :- Marine Drive, Vileparle, Goregaon, Malad, Kandivali, Borivali, Bhayender.**

*"Don't Miss this Super Duper Program. It's for all the ages to admire.*
*We are Thankful to following donors for their enormous support.*

- **Smt. Bhagvatiben Vinodchandra Matliwala Parivar**
- **Shri Rameshbhai Chhabildas Jhaveri Parivar**
- **One well wisher**
- **Shri Kirtibhai Balubhai Shah Parivar**
- **Shri Hemantbhai Kantilal Shah Parivar**
- **Shri Dineshbhai Shantilal Shah Parivar (Polni Sheri)**
- **Smt. Surekhaben Jashwantbhai Shah Parivar**

Do follow us on Instagram

## Schedule of the Program

**5.00 pm** Tea Coffee
**6.00 pm** (Sharp) Musical Evening
**6.00 pm** onwards Dinner, (Chauvihar)

**Passes Collection Centers :-**

1. Marine Drive Mandal Office Tel. : 22811346
2. Nagdevi - Jyotindrabhai Shah Mo. 9819793001
3. Vileparle (E) - Janakbhai Shah Mo. 9820064668
4. Vileparle (W) - Kalpeshbhai Jhaveri Mo. 9821129819
5. Goregaon Mandal office Mo. 9152998865
6. Malad (W) - Bhavikbhai Shah Mo. 7666676701
7. Kandivali (W) - Milinbhai Shah Mo. 9324370338
8. Borivali (W) - Jigarbhai Shah - 9820280327
9. Borivali (E) - PJM Office Ratan Nagar Tel. 28911308
10. Bhayander - Nileshbhai Kantilal Shah Mo. 9321150160

**Bus will Depart from :-**

1. Marine Drive - Patanwala Bldg
2. Goregaon - Near Jain Mandal and Dena Bank
3. Kandivali (W) - Balbharti School, Opp. Hitvardhak, S.V. Road,
4. Borivali (E)-Ratan Nagar • Borivali(W) Jigarbhai Kalyan Jewellers
5. Bhayander - 52 Jinalay Devchand Nagar.
6. Andheri - Shoppers Stop

- **Please Register your Name & Mobile Number**
- **Last Date of Registration 04-04-2023**

**Follow us on : https://www.instagram.com/patanjainmandal • https://m.facebook.com/patanjainmandal**

**Conveners :** Shri Janakbhai Arvindkumar Shah 9820064668
Shri Rohitbhai Mahasukhlal Shah 9820227147

**SUPPORTS TEAM :** Shri Rajendrabhai Jayantilal Shah • Shri Hitenbhai Champaklal Shah
Shri Kalpeshbhai Rameshchandra Jhaveri •Smt. Alpaben Vineshbhai Shah • Shri Bhavikbhai Bhadreshbhai Shah

## શ્રી પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત

# સંગીત જલસો

અદ્‌ભુત મ્યુઝિકલ પ્રોગ્રામ

આપણી નવી ઉત્સાહી ઉમંગી કમિટિ દ્વારા યોજીત

## ''અ ગેધરીંગ ઓફ જનરેશન્સ''

જાણે દરેક પેઢીઓનો મેળાવડો.

'' દરેક ઉંમરના પટ્ટણીઓએ માણવા જેવો અદ્‌ભુત કાર્યક્રમ''

## રવિવાર, ૯ એપ્રિલ, ૨૦૨૩

**''એક ભવ્યાતિભવ્ય સંગીત જલસો સન્મુખાનંદ હૉલમાં''**

કિંગસર્કલ (ઈ)

રસપુરીના જમણવાર સાથે ડોનેશન પાસ રૂા. ૫૦૦/-, ૪૦૦/-, ૩૦૦/-, ૨૦૦/-, ૧૦૦/- (૧૫ મી માર્ચથી મળશે) પટ્ટણીઓની સુવિધા માટે મરીનડ્રાઈવ, પાર્લા, ગોરેગાવ, મલાડ, કાંદિવલી, બોરીવલી, ભાયંદરથી લાવવા તથા લઈ જવા માટે બસોની વ્યવસ્થા રાખવામાં આવી છે.

**અમો આભારી છીએ, દાનનો પ્રચંડ ધોધ વહાવનાર દાતાશ્રીઓના**

- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાલા પરિવાર
- શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી પરિવાર
- શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ પરિવાર (પોળની શેરી)
- શ્રીમતી સુરેખાબેન જશવંતભાઈ શાહ પરિવાર
- એક શુભેચ્છક
- શ્રી કીર્તિભાઈ બાલુભાઈ શાહ પરિવાર
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ પરિવાર

**જ્યારેકલાકારો કરશે વિરામ, ત્યારે થશે ડોનરનું બહુમાન**

**પાસ મેળવવાના સ્થાન :-**

૧. મરીનડ્રાઈવ - પાટણ જૈન મંડળ ઓફિસ ટે. ૨૨૮૧૧૩૪૬
૨. નાગદેવી - શ્રી જ્યોતિન્દ્રભાઈ દેવડાવાળા મો. ૯૮૧૯૭૯૩૦૦૧
૩. વિલેપાર્લા (ઈ) - શ્રી જનકભાઈ શાહ મો. ૯૮૨૦૦૬૪૬૬૮
૪. વિલેપાર્લા (વે) - શ્રી કલ્પેશભાઈ જવેરી મો. ૯૮૨૧૧૨૯૮૧૯
૫. ગોરેગામ - પાટણ જૈન મંડળ ઓફિસ મો. ૯૧૫૨૯૯૮૮૬૫
૬. મલાડ (વે) - શ્રી ભાવિકભાઈ શાહ મો. ૭૬૬૬૬૭૬૭૦૧
૭. કાંદિવલી (વે) - શ્રી મીલનભાઈ શાહ મો. ૯૩૨૪૩૭૦૩૩૮
૮. બોરીવલી (વે) - શ્રી જીગરભાઈ શાહ મો. ૯૮૨૦૨૮૦૩૨૭
૯. બોરીવલી (ઈ) - પાટણ જૈન મંડળ ઓફિસ ટે. ૨૮૯૧૧૩૦૮
૧૦. ભયંદર - નિલેશભાઈ કાંતિલાલ શાહ મો. ૯૩૨૧૧૫૦૧૬૦

**કાર્યક્રમની રૂપરેખા**

સાંજે ૫.૦૦ કલાકે ચા-કોફી
સાંજે ૬.૦૦ કલાકે સંગીત જલશો - મ્યુઝિકલ પ્રોગ્રામ
સાંજે ૬.૦૦ કલાકે ડીનર (ચોવિહારની વ્યવસ્થા છે)
બસમાં આવનારે નામ, મોબાઈલ નં. તા. ૦૪-૦૪-૨૦૨૩ સુધીમાં રૂા. ૫૦/- ભરી લખાવવું અનિવાર્ય છે.

''ગુંજ્યો અમારો સાદ અને હંમેશ મળ્યો
પટ્ટણીઓનો પ્રતિસાદ..''

Follow us on : https://www.instagram.com/patanjainmandal • https://m.facebook.com/patanjainmandal

કન્વીનર : શ્રી જનકભાઈ અરવિંદકુમાર શાહ મો. ૯૮૨૦૦૬૪૬૬૮
શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ મો. ૯૮૨૦૨૨૭૧૪૭

**Supports Team**

શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ • શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ • શ્રી કલ્પેશભાઈ રમેશચંદ્ર ઝવેરી • શ્રીમતી અલ્પાબેન વિનેશભાઈ શાહ • શ્રી ભાવિકભાઈ ભદ્રેશભાઈ શાહ

SHREE PATAN JAIN MANDAL PRESENCE
PATAN PREMIER LEAGUE
PPL TITLE SPONSOR

**SHRI SUARINBHAI RAJESHBHAI SHAH**

& VALUED SPONSORS.

SAURIN SHAH PRESENTS

# PPL

PATAN PREMIER LEAGUE
SEASON 6.0

**KITS SPONSOR**
J.P. HAIR PINS

**MAN OF THE SERIES SPONSOR**
mtm

**TROPHY SPONSOR**
HEALTHY CRUNCH by Monika Shah

**JERSEY SPONSOR**
SOMIRA DIAM

**MAN OF THE MATCH & APP SPONSOR**
SK We Serve Since 1932

**SIXES & BALL SPONSOR**
THE ROYALEUM ATELIER

**LIFESTYLE APPAREL SPONSOR**
Karmaa

**MEDICAL SPONSOR**
Healing Pharma Your health is our world
Healing Pharma India Pvt. Ltd.
(An ISO 9001-2015 Certified Company)

**CATCH OF THE MATCH & SKIN CARE SPONSOR**
DERMX (A Division of S Kant HEALTHCARE Ltd.)

**MAXIMUM SIXES SPONSOR**
Pattani OPTICIANS

**GOODIES SPONSPOR**
warmeo™ love, freshly served

**GAME CHANGER AWARD SPONSOR**
RP ROYAL PRINCE

**BOUNDARIES SPONSOR**
J.K.SHAH & FAMILY

**SOCIAL MEDIA SPONSOR**
macmerise doing the same differently

**PRINTING SPONSOR**
ZNL Since 1996

**WICKET SPONSOR**
NKC

**TEAM PLAYER SPONSOR**
99 Pancakes

**HYDRATING SPONSOR**
VS INTERIORS

**PHOTOGRAPHY SPONSOR**
PR P. Rohitkumar & Co.

# પાટણ જૈન મંડળ દ્વારા આયોજિત પાટણ ઈન્ડોર ઓલિમ્પિક ૨૦૨૨ની ઝલક




Sports committee & office bearers.



Tittle Sponsor Royalleum Atelier's owner
Mr. & Mrs. Hetalben Dhavalbhai Shah.




ટાઈટલ સ્પોન્સર શ્રી ધવલભાઈને મોમેન્ટો આપતા સ્પોર્ટસ
સેક્રેટરી શ્રી વિનેશભાઈ શાહ



ઈન્ડોર ગેમ્સનું શુભારંભ કરતા બધા પ્લેયર્સને શુભેચ્છા
આપતા શ્રીમતી હેતલબેન ધવલભાઈ શાહ



૮૦થી વધુ ટ્રોફી



Vice president & sports committee chairman
Shri Rohitbhai welcoming everyone.



ડાબી બાજુથી ડોનર શ્રી સંજયભાઈ,
શ્રી ધવલભાઈ અને શ્રી કેતનભાઈ ગેમ્સના વિજેતાઓ સાથે




ટ્રોફી સ્પોન્સર શ્રી આશિષભાઈ અને
શ્રી જિજ્ઞેશભાઈ



સ્પોર્ટ્સ ઓટ્સના હેડ શ્રી રોહીતભાઈ
રમવાના મૂડમા




Winner team Super Strikers



Runner up team VS Interiors

# SHREE PATAN JAIN MANDAL

## Youth Empowerment Committee Organises
## Skill Develepment Seminar

Prepare yourself to make your next 5 years, the most amazing years so far! Start your year by armoring yourself with the 3 biggest skills needed to build yourself for the next 5 years in this year!

